# ''રાઇટર્સ ઇન રેસિડેન્સ'' કાર્યક્રમમા જામનગરના ડો.અશોક ચાવડાએ માણી રાષ્ટ્રપતિ ભવનની ૨ સપ્તાહની મહેમાનગતિ

(મુકુંદ બલિયાણી દ્વારા) જામનગર તા.૧૯: બે સપ્તાહ દરમિયાન રાષ્ટ્રપતિ ભવનમાં 'રાઇટર્સ ઇન રેસિડેન્સ' કાર્યક્રમ યોજાઇ ગયો આ પ્રોગ્રામ માટે બંગાળના પ્રબલ બાસુ અને ગુજરાતમાંથી એક માત્ર જાણીતા યુવા સાહિત્યકાર અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર ડો અશોક ચાવડા 'બેદિલ'ની વરણી થઇ હતી. આ પ્રોગ્રામ અંતર્ગત તેમને ૩૩૦ એકરમાં પથરાયેલા રાષ્ટ્રપતિ ભવનના સચિવાલય ઉપરાંત મ્યુઝિયમ, અશ્વશાળા, પુસ્તકાલય, મુઘલ ગાર્ડન ગેસ્ટહાઉસ, હર્બલ ગામો, સંસદભવન, આયુષ સંસ્થા, સર્વોદય શાળા અને હર્બલ ગાર્ડન સહિત તમામ વિભાગો જોવા જાણવાની અને ત્યાં વિવિધ કાર્યક્રમો ગતિવિધિઓમાં ભાગ લેવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઇ છે.

ડો.અશોક ચાવડાએ જણાવ્યુ કે રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જીને વિવિધ કાર્યક્રમો અંતર્ગત ત્રણ વાર મળવાનું થયું લેખકો સાથેની તેમની ગોષ્ઠી પ્રેરણાદાયી રહી. રાષ્ટ્રપતિએ અમને કહ્યું કે લેખકે વિશિષ્ટ હોય છે.મેં મારી કેફિયતમાં કહ્યું હતું કે આવા કાર્યક્રમો બે વિભિન્ન ભાષાના સાહિત્યકારોને જોડી આપે છે. સાહિત્યને સમાજ સાથે અને સમાજને સાહિત્ય સાથે જોડી રાખવા આવા કાર્યક્રમો ઉપયોગી બની રહે છે. મેં 'ડાળખીથી સાવ છૂટાં' પ્રતિબદ્ધ કવિતાનું પુસ્તક તેમને ભેટ આપ્યું હતું ઉપરાષ્ટ્રપતિશ્રી હમીદ અન્સારી સાથેની મુલાકાત પણ રસપ્રદ રહી અન્સારી સાહેબ સાથે વળી ગુજરાતી અને અન્ય ઉર્દુ સાહિત્યકારો વિશેની વાત થઇ અને તેમને 'ગઝલિસ્તાન' ઉર્દુ અનુ વાદસંગ્રહ ભેટ આપ્યો હતો.

ડો.ચાવડાએ જણાવ્યુ છે કે રાષ્ટ્રપતિ ભવન તેના આંતરિક સૌંદર્ય માટે પણ જોવું રહ્યું શિલ્પ-સ્થાપત્ય તેમજ શિસ્ત માટે જાણીતી આ ભવ્ય ઇમારત અંતર્ગત ૧૨ એકરમાં પથરાયેલાં મુઘલ ગાર્ડનની મઘમઘતા ફૂલોની સુવાસ આજેય મારા શ્વાસોમાં અકબંધ છે દરબાર હોલ અને અશોકા હોલમાં બેસવાનો રોમાંચ આજીવન યાદ રહેશે. પદ્મશ્રીથી માંડીને મોટા સન્માન સમારોહનું આયોજન અહીં થતું હોય છે દરબાર હોલના રસ્તે જોવા મળતી બુદ્ધ-પ્રતિમાની ચમક હજી આંખોમાં પ્રતિબિંબાય છે. અશ્વશાળાનું સંચાલન પ્રેસિડેન્ટ બોડીગાર્ડની કાર્યરીતી તેમજ અહીંની શિસ્ત વિશે જેટલી વાતો કરીએ તેટલી ઓછી છે. આશરે ૧૪ લાખથી વધારે પુસ્તકોનો વૈભવ ધરાવતાં પુસ્તકાલયમાં જાન્યુઆરી ૧૯૦૪ ના રોજની લોર્ડ કર્ઝનનાં હસ્તાક્ષર વાળા પુસ્તકને સ્પર્શ્યાનો રોમાંચ આંગળીમાં હજીય તાજો છે. મ્યુઝિયમનો મહિમા શબ્દમાં વર્ણવી શકાય તેમ નથી સંસદભવન માત્ર ટેલિવિઝનમાં જોયું હતું આ કાર્યક્રમમાં સંસદમાં બેસીને તેની કાર્યવાહી માણવાનો અવસર પણ જીવનની ઉપલબ્ધિ છે લાલકૃષ્ણ અડવાણી, અરૂણ જેટલી જેવા નેતાઓ અને પરેશ રાવલ, હેમામાલિની જેવાં અભિનેતાઓને પાસેથી જોવાની ક્ષણો આંખોમાં સ્થિર રહી છે.





રાષ્ટ્રપતિભવનમાં વીતાવેલા બે સપ્તાહ દરમિયાન કવિતાઓના અંગ્રેજી અનુવાદો કર્યા તેમજ વિશ્વની ૫૦ કવયિત્રીઓની કવિતાઓનો અનુવાદ કરવાનો સંકલ્પ હાથ ધર્યો જે પ્રકલ્પ આગામી દિવસોમાં ફળીભુત થશે આ કાર્યક્રમમાં આર્ટિસ્ટ ઇન રેસિડન્સ અંતર્ગત આવેલા અલાહાબાદના ધીરજ યાદવ અને મુંબઇના રાહુલ કોકાટે સાથે પણ મૈત્રી થઇ તેમજ રાષ્ટ્રપતિભવનના નિર્દેશક નિરંજનકુમાર સુધાંશુ સાથેની ગોષ્ઠિઓ પણ મારે માટે જીવનનું અમૂલ્ય ભાથું છે આમ રાષ્ટ્રપતિભવનનું આતિથ્ય માણવું જીવનનો એક યાદગાર અનુભવ બની રહ્યો છે ડો.અશોક ચાવડાની મુલાકાતને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી સંજીવ ઓઝાએ અને કુલસચિવશ્રી આર.એમ.ઝાલાએ ડો.ચાવડાની આ સિદ્ધિને યુનિવર્સિટીના પરિવારનું ગૌરવ ગણાવીને બિરદાવી હતી.(૧.૮)

Akila News
19-04-2017